દિવ્ય અમૃત ફળ આમળાની બોલબોલા શિયાળામાં વધી

આમળાના રસદાર ફળોનો જથ્થો બજારોમાં ઠલવાયો

૧૫ થી ૨૦ રૂ. કિલોના ભાવે વેચાતા આમળા

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૯

શિયાળો શરૂ થયો તે સાથે જ અમૃતફળ ગણાતા આમળાઓનું બજારોમાં આગમન થઈ ચુક્યું છે. સ્વાસ્થ્ય માટે અત્યંત ઉપયોગી ગણાતા આમળાનું સેવન સૌ કોઈ કરી રહ્યા છે. ૧૫ થી ૨૦ રૂ. કિલોના ભાવે મળતા આમળાની ખરીદી વધી રહી છે. સ્વાદમાં ખાટા અને તુરા પરંતુ અનેક ગુણોથી ભરપુર આમળાની માંગ વધતી જાય છે.

કહે છે કે રોજનું એક આમળુ દુર્બળતા, દર્દ, દવા, ડોક્ટર, દવાખાનુ, દેવુ (ખર્ચ) અને દુઃખોથી હંમેશા દૂર રાખે છે. આયુર્વેદની પ્રભાવશાળી ઔષધિઓમાં આમળાના ચમત્કારિક દિવ્ય ગુણોથી તેને અવનવા નામે નવાજવામાં આવે છે. આરોગ્ય ગ્રંથોમાં તેને અમૃતફળ, અમૃતા, યૌવનફળ, અમરફળ, જીવનફળ, કાયાકલ્પ ફળ જેવા વિવિધ નામે પ્રયોજવામાં આવ્યું છે. આમળામાં વિટામીન-સી ની ભરપુર માત્રા છે. કુલ આઠ વિટામીનોમાં વિટામીન-સી સૌથી વધુ અગત્યતા ધરાવે છે. જે સ્વાસ્થ્ય અને શક્તિ માટે અત્યંત આવશ્યક છે. તંદુરસ્ત જીવન, રોગ પ્રતિકારક શક્તિ અને રોગ મુક્તિ માટે આમળા સૌથી શ્રેષ્ઠ છે. શિયાળામાં નવેમ્બર માસથી બજારોમાં દેખાવા માંડતા તાજા આમળા છેક જાન્યુઆરીના અંત સુધી મળી રહે છે. આદુ, હળદર સાથેનો આમળાનો તાજો રસ શરદી, ઉદરસને દૂર રાખે છે. જેમ ચૈત્ર મહિનામાં લીમડાનો રસ પીવામાં આવે છે તેમ શિયાળામાં દરરોજ સવારે આમળાનો રસ પીવાનો નિત્યક્રમ ઘણા પરિવારોમાં જોવા મળે છે. લીલા તાજા આમળામાંથી તેના બી કાઢવાનો કંટાળો આવતો હોય તો હવે બજારોમાં તાજા આમળાની ચીરીઓ પણ મળી રહી છે. તેનો રસ કાઢીને પીવો કે મીઠા-હળદરના પાણીમાં નાંખો

● અનુસંધાન પાન-૭ પર

શહેરી વિસ્તારના ગામોમાં નવા સી.સી. રોડ બનાવાશે

ગટરલાઈનની કામગીરી દરમિયાન તૂટેલા રસ્તાઓની મરામત પણ કરાશે

ગાંધીનગર, તા.૨૯

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરાશે. ગટરલાઈનની કામગીરી દરમિયાન તુટેલા રસ્તાઓની મરામત તેમજ નવા રસ્તાની કામગીરી માટે રૂ. ૩.૨૫ કરોડનો ખર્ચ કરાશે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ, ધોળાકુવા, પાલજ અને બાસણ ગામમાં અગાઉ ગટરલાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તોતિંગ ખર્ચના અંતે પણ ગટરલાઈનનું કામ અપૂર્ણ રહ્યું હતું અને ગામમાં અસ્તિત્વ ધરાવતા આર.સી.સી. રોડને પણ નુકશાન થતા ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ પાંચેય ગામોમાં સી.સી. રોડનું સમારકામ હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરી પાછળ રૂ. ૧ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત ફતેપુરા સહીતના ૬ ગામોમાં સી.સી. રોડનું બાકી કામ પૂર્ણ કરવાનું પણ આયોજન કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ શહેરી વિસ્તારના ગામોમાં સીસી. રોડના કામને અનુલક્ષી ૨.૨૫ કરોડનો ખર્ચ થશે. સી.સી. રોડની મરામત તેમજ નવા રસ્તા બનાવવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી ટૂંક સમયમાં રસ્તા બનાવવાનું કામ શરુ કરી દેવાશે. શહેરી વિસ્તારના ગામોમાં સી.સી.રોડ બનાવવાની કાર્યયોજના હાથ ધરાતા ગ્રામજનોની લાગણી અને માંગણી સંતોષાશે.

સુજ્ઞાબેન ભટ્ટે કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગર, તા. ૨૯

જાસુસીકાંડ મામલે રચાયેલ તપાસ પંચના અધ્યક્ષ તરીકે આજે સુજ્ઞાબેન ભટ્ટે કાર્યભાર સંભાળતા તપાસ પંચ કાર્યરત થવા પામ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એક યુવતિની જાસુસી અંગે રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને એક પોલીસ અધિકારી વચ્ચે થયેલી વાતચીત અંગેની ઓડીયોટેપ કોબ્રા પોસ્ટ નામની પોર્ટલ દ્વારા જાહેર કરવામાં આવી હતી. જાસુસીના આક્ષેપો અંગેની તપાસ કરવા માટે રાજ્ય સરકારે નિવૃત્ત જસ્ટીસ સુજ્ઞાબેન ભટ્ટના અધ્યક્ષપદે બે સભ્યોના તપાસ પંચની રચના કરવામાં આવી હતી. આ તપાસ પંચના અધ્યક્ષ તરીકે આજે સુજ્ઞાબેન ભટ્ટે કાર્યભાર સંભાળી લીધો છે. તપાસ પંચને કાર્યાલય માટે સે-૧૯ ખાતે મકાન પણ ફાળવ્યુ છે.

ટોરેન્ટના વીજભાવ વધારા અંગે આજે જર્કમાં સૂનાવણી

મહામંડળના પ્રતિનિધિઓ અપીલ સંદર્ભે રજૂઆત કરશે

ગાંધીનગર, તા.૨૯

ટોરેન્ટ પાવર દ્વારા યુનિટ દીઠ ૫૦ પૈસાનો ભાવ વધારા કરવા જર્કમાં અરજી કરી છે. આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા વિરોધ વ્યકત કરી અપીલ કરવામાં આવી છે. જયારે આ સમગ્ર મામલે આજે જર્કમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.

સુરતમાં ગેસ પ્લાન્ટ નાંખવા માટે ટોરેન્ટને રૂ. ૨૬૦ કરોડનો તોતિંગ ખર્ચ થાય તેમ છે. જયારે આ ખર્ચ ગાંધીનગર તેમજ અમદાવાદના ગ્રાહકો માથે નાંખવાની પેરવી કરી ટોરેન્ટ કંપની દ્વારા યુનિટ દીઠ રૂ. ૫૦ પૈસાનો ભાવવધારા કરવા જર્ક સમક્ષ મંજૂરી માંગી છે. જયારે ટોરેન્ટ પાવરની આ નીતિ સામે શહેર વસાહત મહામંડળે ભાવ વધારો ન થાય તેવી માંગણી સાથે અપીલ કરી છે. અગાઉ આ મામલે મહામંડલની અપીલ સંદર્ભે કોઈ પણ પ્રકારનો જવાબ આપ્યા વગર જ સુનાવણી ગોઠવી દેવાઈ હોવાનું ધ્યાને આવતા મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આક્રોશ વ્યકત કર્યો હતો.

મહામંડળના પ્રમુખે આ અંગે જણાવ્યા મુજબ ટોરેન્ટ દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૭ વધારે વસૂલે છે જયારે હજુ યુનિટ દીઠ રૂ. ૫૦ પૈસા વધારવા માટે ગતિવિધિઓ હાથ ધરાઈ છે. જેના પરીણામે શહેરીજનોના માથે આર્થિક ભારણ વધશે. આ મામલે આજે જર્કમાં સુનાવણી હાથ ધરાશે. જેમાં મહામંડળના પ્રતિનિધિ તરીકે સુધીર વ્યાસ, કીશોર જીકાદરા અને મયુર વ્યાસ રજૂઆત કરશે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સેંટ ઝેવિયર્સના પ્રાથમિક વિભાગના બાળકો આજે વિસનગર નજીકના તિરૂપતિ પાર્કના શૈક્ષણિક પ્રવાસે ગયા હતા તો આ બાળકોની માતાઓએ ગાંધીનગર પ્રકૃતિ ઉદ્યાનમાં પિકનીક માણી હતી.
- ગુજરાતના નવા પદનામિત લોકાયુક્ત જસ્ટીસ ડી.પી. બુચ સે. ૨૦ના રહીશ તરીકે વર્ષો સુધી રહ્યા છે.
- રાજ્યના અધિક કલેક્ટરોની આજે સચિવાલયમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સમાજકલ્યાણ શાખામાં આજે શાખાની ગાડીના જ ડ્રાયવરે ઝપાઝપી કર્મચારીઓ સાથે કરતાં તેને સાંજે જ ફરજમુક્ત કરી દેવામાં આવ્યો હતો.
- આંકડા અને બ્યુરો કચેરીના સ્ટેટેસ્ટીક્સ આસિટન્ટ સંવર્ગના કર્મચારીઓને સંશોધન મદદનીશ સંવર્ગમાં બઢતી આપવા માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠક મળી હતી.

આજે મુખ્યમંત્રી દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર અભિયાનમાં ત્રણ સભાઓ સંબોધશે

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ તા. ૩૦-૧૧-૨૦૧૩ શનિવારે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ત્રણ ચૂંટણી સભાઓને સંબોધન કરશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી સી.બી.ડી. પાર્ક શાહદરા, સુલતાનપુરમાજરા અને ચાંદની ચોકમાં જાહેરસભાઓ સંબોધશે. એમ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

પ્રવાસનપથમાં નડતરરૂપ વૃક્ષો કાપવાની દરખાસ્ત અટવાઈ

ત્રણ મહીનાના અંતે પણ વનવિભાગે મંજૂરી ન આપતા મહુડી માર્ગને ફોરલેન બનાવવાનું કામ વિલંબમાં પડશે!

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-મહુડી પ્રવાસનપથને ફોરલેન બનાવવાનું કામ ટૂંકમાં શરુ થનાર છે. પરંતુ ત્રણ મહીનાના અંતે પણ તંત્ર કક્ષાએથી રજૂ થયેલી દરખાસ્તને વન વિભાગે મંજૂરી ન આપતા પ્રવાસનપથના પ્રોજેક્ટનુ કામ મંદગતિએ થાય તેવી સંભાવના છે. મહુડી માર્ગને ફોરલેન બનાવવા ૧ હજારથી વધુ વૃક્ષો દૂર કરવા પડે તેમ છે ત્યારે આ મામલે કરાયેલી દરખાસ્ત વન વિભાગમાં અટવાઈ છે.

સમગ્ર દેશમાંથી મહુડી તીર્થધામમાં આવતા ભાવિકોની અવર જવરને ધ્યાન લઈ ગાંધીનગર મહુડી માર્ગને ફોરલેન બનાવવાનું કામ ટૂંકમાં શરુ કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ અન્વયે રૂ. ૮૪ કરોડનો ખર્ચ થવાનો છે. અગાઉ વર્ષ ૨૦૧૦માં તંત્ર દ્વારા આ માર્ગના વાઈડનીંગનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ વેળાએ પણ વૃક્ષો કાપવાના મામલે તંત્ર કક્ષાએથી રજૂ થયેલી દરખાસ્ત અટવાતા વાઈડનીંગનું કામ વિલંબમાં પડયુંહતું. ગાંધીનગર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાનું કામ ટૂંકમાં શરુ કરવાનું આયોજન છે. બીજી તરફ રૂટમાં નડતરરૂપ થતા વૃક્ષોને દૂર કરવા તંત્ર દ્વારા વનવિભાગની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવી છે. આ પ્રોજેકટની કામગીરી દરમિયાન ૧ હજાર જેટલા વૃક્ષો કાપવા પડે તેમ છે. તંત્ર દ્વારા મામલે ગત ઓગષ્ટ મહિનામાં વન વિભાગમાં મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. પ્રવાસન પથને ફોરલેન બનાવવા ટેન્ડર પ્રક્રીયા પણ આખરી કરી દેવાઈ છે ત્યારે વનતંત્ર કક્ષાએથી આ દરખાસ્તને લીલી ઝંડી ન મળતા સમગ્ર પ્રોજેક્ટના કામ ઉપર વિપરિત અસર થાય તેમ છે. પ્રવાસન પથનું કામ ૧૫ મહીનામાં પૂર્ણ કરી દેવામાં આવનાર છે.

સાબરના ઘટતા પાણી - આજકાલ સાબરમતી નદીમાં પાણી ઘટતું જાય છે... લગભગ કોરીધાકોર બનવા જઈ રહી હોય એવી બીક આ તસવીર જોતા લાગે છે... સાબરમતીને છલકાતી જોવી જ ગમે છે... એક સમય એવો હતો કે લોકવાયકા પ્રમાણે કહેવાતું કે 'સાબર તારા વહેતા પાણી...' પણ અત્યારે સાબરમતી નદીની હાલત એવી થઈ ગઈ છે કે, લોકજીભે એવું ચર્ચાઈ રહ્યું છે કે, 'સાબર તારા ઘટતા પાણી....'

લોકાયુક્ત પદે ડી.પી. બૂચના નામની ભલામણને મંજુરી

લોકાયુક્તની શપથવિધી માટે યોગ્ય કાર્યવાહી માટે મોદી સરકારને રાજ્યપાલ કમલાજીની ભલામણ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતના લોકાયુક્ત પદે જસ્ટીસ ડી.પી. બૂચના નામની રાજ્ય સરકારે કરેલી ભલામણને રાજ્યપાલ દ્વારા સ્વીકૃતિ આપવામાં આવતા છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતના લોકાયુક્તના મુદ્દે ચાલતા રાજકીય અને કાનૂની ઘમાસાણનો હવે અંત આવ્યો છે.

દેશની સર્વોચ્ચ અદાલતે છેલ્લે છેલ્લે જસ્ટીસ આર.એ. મહેતાની ગુજરાતના લોકાયુક્ત તરીકે રાજ્યપાલ દ્વારા કરાયેલી નિમણુંકને યર્થાત ઠેરવ્યા બાદ જસ્ટીસ મહેતાએ આ સરકારમાં હું કામ કરી શકીશ નહિ તેવો વેદના સભર પત્ર લખી આ જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કર્યોહતો ત્યાર બાદ ફરીથી ગુજરાતના લોકાયુક્તનું પદ ખાલી પડ્યું હતું. પરંતુ તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ભટ્ટાચાર્ય દ્વારા રજુ કરાયેલા ડી.પી. બૂચના નામની દરખાસ્તનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો હતો અને ગુજરાતના લોકાયુક્ત તરીકે જસ્ટીસ ડી.પી. બૂચની નિમણુંકની જાહેરાત કરી આખરી બહાલી માટે આ દરખાસ્ત રાજ્યપાલ ડો. શ્રીમતી કમલા પાસે મોકલી આપી હતી. આ દરખ્સાત સામે વિધાનસભા વિપક્ષ નેતા દ્વારા કોઈ વાંદા રજુ કરાયા ન હોવાથી અને સરકારની દરખાસ્તને સમર્થન આપ્યું હોવાથી રાજ્યપાલ ડો. શ્રીમતી કમલાએ આજે ગુજરાતના લોકાયુક્ત તરીકે જસ્ટીસ ડી.પી. બૂચના નામની દરખાસ્તને બહાલી આપી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે જસ્ટીસ ડી.પી. બૂચની લોકાયુક્ત તરીકેની શપથવિધી માટેનો કાર્યક્રમ નક્કી કરવા તથા લોકાયુક્તના સંદર્ભમાં તમામ જરૂરી આનુસાંગિક કાર્યવાહી વહેલી તકે કરવા રાજ્યપાલ દ્વારા રાજ્ય સરકારને તાકીદ કરવામાં આવી છે.

નોટીસ

સાંચા કામ સબબે, તારીખ ૨/૧૨/૨૦૧૩ સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

સબ સ્ટેશન	સમય મર્યાદા
(૧) એચ.એલ.આર. ઓવરહેડ લાઈન ફતેહપૂરા	સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક
(૨) સેક્ટર-૨૪ સબ સ્ટેશન	સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક
(૩) ઠાકોર વિકાસ સંઘ, સેક્ટર-૩	સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ

જાહેર નિવિદા

પેથાપુર નગરપાલિકા, પેથાપુર

ટેન્ડર નોટીસ

આથી પેથાપુર નગરપાલિકા, પેથાપુરને જળ સંચય (તળાવ ઉંડા કરવા / તળાવ બ્યુટીફીકેશન) હેઠળના નીચે જણાવેલ પેકેજ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્યના બાંધકામ ખાતામાં રજીસ્ટર થયેલ ઈજારદારો અને સ્પેશ્યાલીસ્ટ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગની વિગતો અત્રેની કચેરીથી તથા વેબસાઈ www.nprocure.com સાઈટ પરથી જોવા મળશે.

ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ : ૭/૧૨/૨૦૧૩
ટેકનીકલ બીડ રજી.એડી.થી મોકલવાની છેલ્લી તા. ૧૧/૧૨/૨૦૧૩
ટેન્ડર ઓપન કરવાની તારીખ : ૧૨/૧૨/૨૦૧૩

પ્રાઈઝ બીડ ફક્ત ઓનલાઈન ભરવાની છે. ટેકનીકલ બીડની સાથે ટેન્ડર ફી ભર્યાની પહોંચની એટેસ્ટેડ કોપી જોડવાની રહેશે. ઉપરોક્ત ટેન્ડરની વધારે માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી. કામ અંગેના તમામ હક્ક અધિકારી નગરપાલિકાને અબાધિત રહેશે.

સહી/- (હિતેશકુમાર કે. પટેલ) મુખ્ય અધિકારી
સહી/- (સિતાબેન પી. પટેલ) પ્રમુખ
સહી/- (રણજીતસિંહ આર. વાઘેલા) ચેરમેન, કારોબારી સમિતિ
પેથાપુર નગરપાલિકા, તા.જી. ગાંધીનગર

(અમારો સંકલ્પ સ્વચ્છ પેથાપુર) માહિતી/૧૭૪૪/૧૩-૧૪

ALL INDIA INSTITUTE OF MEDICAL SCIENCES
ANSARI NAGAR, NEW DELHI - 110 029

ADMISSION NOTICE NO. 11/2013

ALL INDIA POST-GRADUATE DENTAL (MDS) COURSE ENTRANCE EXAMINATION – 2014

Applications are invited in the prescribed form through online mode only for All India Post-Graduate Dental Entrance Examination - 2014 for admission against 50% All India Quota of Postgraduate (MDS) courses in various Dental Colleges in the country. The prospectus is available on the website www.aiimsexams.org. The cost of Application-cum-Examination fee is Rs. 1000/-(Rs.800/- in case of SC/ST candidates).

DATE OF ENTRANCE EXAMINATION : 25TH JANUARY, 2014

MODE OF EXAMINATION : CBT ONLINE EXAMINATION

ELIGIBILITY	Eligibility Criteria: (1) Only Indian nationals possessing BDS degree from a recognized Dental College or a foreign degree included in the schedules of the Indian Dental Council Act, 1956 and full registration either from the Dental Council of India or State Dental Council after completing the compulsory rotating internship and should complete the required period of 12 months pre-registration internship from a recognized Hospital on or before 31st March, 2014.
PROCEDURE FOR APPLYING	A candidate can submit application only through Online mode by visiting www.aiimsexams.org. Read the Prospectus, Help Manual and other details carefully and follow the instructions given therein. The candidate can pay the application fee through a Debit/Credit Card/Challan Form (to be downloaded from Internet) in any branch of State Bank of India. Transaction/Processing Fee as applicable will be payable to the Bank by the candidate.

IMPORTANT DATES

1	Online Registration of Application on www.aiimsexams.org	02.12.2013 to 31.12.2013 (upto 5:00 PM)
2	Admit Card to be hosted at www.aiimsexams.org	15th January, 2014

Assistant Controller of Examination

This Admission Notice is also available on Internet at www.aiimsexams.org



C. C. C. (Customer Care Centre) Gandhinagar District

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com